44th ANNUAL REPORT 2009-10

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

યુનિવર્સિટી ગીત

ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

તાપી, પૂર્ણા, સરિત નર્મદા, અમ્બિકા, કાવેરી,
લાટ સદાએ લીલોછમ નદીઓનાં પટકૂળ પ્હેરી.
પશ્ચિમે રત્નાકર કેરી ધૂઘવો તરંગમાળ,
કુદરતની છે મ્હેર કે ભૂમિ બારે માસ રસાળ.

સરળ પ્રકૃતિના સૌ લોકો આનન્દી, અભિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

ભૃગુઋષિની પુણ્યભૂમિ છે, ભૃગુકચ્છ મશહુર,
ચોર્યાસી બંદરના ધ્વજથી, સુરત સૌમ્ય - ભરપૂર.
રામ અને શબરીને પગલે, ધન્ય ડાંગની ધરતી,
કોલક, કીમ, મીંઢોળા નદીઓ, નીશદિન કલકલ કરતી.

સાત સમંદર પાર અહીંની પ્રજા ઘણી પ્રખ્યાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

રાનીપરજ ને કાળીપરજના ભાગીગળ સંચાર,
આદિવાસી-વનવાસીઓના ઉત્સવમય વ્યવહાર.
અહીં બંદરો ધમધમતાં, ઉદ્યોગો ધમધોકાર,
કલા-કસબને ભ્રાતૃભાવના અહીં ઉત્તમ સંસ્કાર.

અર્વાચીન સમયનું ઊગ્યું અહીં પહેલું પરભાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

નમક લઈ દાંડીમાં ગાંધીએ ફેંકયો પડકાર,
બારડોલીના સત્યાગ્રહથી પંકાયા સરદાર.
કવિ નર્મદની કલમે પ્રગટયું ગરવું ગુર્જરી-ગીત,
મુનશીએ સદા શીખવી અસ્મિતા શું પ્રીત.

સ્વતંત્રતાનો દાદાએ અહીં શંખ ફૂંકયો સાક્ષાત્,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત...

દક્ષિણ ગુર્જર ક્ષેત્રની વિદ્યાપીઠ અમારી માતા,
સત્ય, જ્ઞાનને અનંતની એ છે ઉજજવલ ઉદ્ગાતા.
એનાં ગૌરવ, વિકાસ પ્રગતિ અમને પ્રાણથી વહાલાં,
એને કંઠે પહેરવીશું સિદ્ધિની જયમાલા.

વિદ્યાને ચરણે ધરીએ નિષ્ઠાનાં પારિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય અને રળિયાત.

રચયિતા – શ્રી ભગવતીકુમાર શર્મા

કુલપતિશ્રીનું નિવેદન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનો ચુમ્માળીસમો (૨૦૦૯-૧૦)નો વાર્ષિક અહેવાલ આપ સૌની સમક્ષ રજૂ કરતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. પ્રસ્તુત અહેવાલમાં સમાવિષ્ટ માહિતી યુનિવર્સિટી દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન કરવામાં આવેલ પ્રવૃત્તિઓની ઝાંખી સમાજને તો કરાવે જ છે, સાથે સાથે આવનાર સમયમાં યુનિવર્સિટીના વિકાસની દિશા નકકી કરવામાં પણ મદદરૂપ થશે.

ગુજરાતની અસ્મિતા ઉજાગર કરનાર અર્વાચીન ગુજરાતના ઘડવૈયા શ્રી કનૈયાલાલ મુનશીના મતે યુનિવર્સિટી એટલે એવું સ્થળ "જયાં શ્રધ્ધા અને દ્રષ્ટિ સંપન્ન માનવીઓ પોતાને સમજાયેલાં સત્યોને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કરે ; જયાં વિચાર, વાણી અને વર્તનથી સ્નેહ-સમભાવપૂર્વક વિદ્યાર્થીઓને પ્રતિક શિસ્ત તરફવાળી તેમના વ્યકિતનો સર્વાંગી વિકાસ થાય."

શ્રી મુનશીની ઉપરોકત પંકતિને સાર્થક કરતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત એન્જિનિયરીંગ વિદ્યાશાખાના ખૂબ જ વિલંબીત જાહેર થતાં અનેક ભૂલોવાળા પરીણામો, પરીક્ષાતંત્રના માળખાને સુદઢ કરી સમયસર ભૂલ વિનાના પરીણામો મળતા થયાં છે. લગભગ, પડી ભાગેલું યુનિવર્સિટીનું પરીક્ષાતંત્રનું માળખું પુનઃ રાબેતા મુજબ કરવામાં રાત-દિવસ મહેનત કરનાર યુનિવર્સિટીના કર્મચારીઓ, આચાર્યો તથા અધ્યાપકમિત્રોનો આભાર માનું તેટલો ઓછો છે. યુનિવર્સિટીના બી.એ., બી.કોમ. તથા એમ.એ., એમ.કોમ.ના બાહય અભ્યાસકમમાં ૧૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. અગાઉ, આ તમામ વિદ્યાર્થીઓ ફોર્મ ભરવા યુનિવર્સિટીમાં આવતા. બે માસના ટૂંકા ગાળામાં આ કામગીરી માટે દૂર દૂરથી વિદ્યાર્થીઓના ટોળાં યુનિવર્સિટીમાં ઉભરાતા. આખી વ્યવસ્થા વિકેન્દ્રિત કરી, વિદ્યાર્થી પોતાના વિસ્તારની નજીકની કોલેજમાં પોતાને યોગ્ય હોય તે કેન્દ્રમાં જઈ હવે આ કામગીરી આસાનીથી પૂર્ણ કરે છે. PG Medicalની પ્રવેશ પરીક્ષાનું સમગ્ર સંચાલન પારદર્શિતાથી યુનિવર્સિટીએ પાર પાડયું. જૂજ બેઠકો માટે ૬૦૦ થી વધુ MBBS ડૉકટરો પરીક્ષામાં બેઠા. આ પરીક્ષાનું પરીણામ માત્ર ત્રણ કલાકમાં જાહેર કરવામાં આવ્યું. સાથે વિદ્યાર્થીઓને પોતાના જવાબોની OMR Sheetની નકલ આપવામાં આવી. સાચા જવાબોની Key પરીક્ષા પછી તુરંત જ જાહેર કરવામાં આવી જેથી વિદ્યાર્થી પોતે જ નકકી કરે કે તેને કેટલા ગુણ મળશે. જે તે યુનિવર્સિટીના પરીણામ સાથે સરખાવી શકે. સમગ્ર ગુજરાતની કોઈ યુનિવર્સિટીએ આવી પારદર્શિતા સાથે PG Medical Enterance Test ગોઠવી નથી જે આ યુનિવર્સિટીએ કરી બતાવ્યું છે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોની NSSની શિબિર યુનિવર્સિટી ખાતે દિવાળી વેકેશનમાં યોજવામાં આવી. જેમાં ૨૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા પ્રોગ્રામ ઓફિસરો સહિત આખું સપ્તાહ યુનિવર્સિટી પરિસરમાં રોકાઈ સમગ્ર રાજયમાં પ્રથમ વાર આટલા મોટા પાયા પર NSSની રાષ્ટ્રીય પ્રવૃત્તિ કરનાર યુનિવર્સિટી બની. રમતગમત ક્ષેત્રે MSc (IT)ની વિદ્યાર્થિની કુ. પૂજા ચૌઋષિ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એશીયન ટ્રાયથલોન કપ માટે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી યુનિવર્સિટીનું નામ વિશ્વ સ્તરે મૂકયું. યુનિવર્સિટીની બેડમિન્ટન બહેનોની ટીમ વેસ્ટઝોન ચેમ્પીયન બની તથા ઓલ ઈન્ડિયા બ્રોન્ઝ મેડલ મેળવવામાં સફળ રહી. શ્રી કરણવીર સીંઘ ઓલ ઈન્ડિયા બોકિસંગમાં કાંસ્યચંદ્રક મેળવી યુનિવર્સિટીની અલગ ઓળખ પ્રસ્થાપિત કરી.

સંશોધન તથા પ્રકાશન પ્રવૃત્તિ અંતર્ગત આ વર્ષે યુનિવર્સિટીએ પોતાની ત્રણ રિસર્ચ જર્નલ શરૂ કરી છે. VNSGU જર્નલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, VNSGU જર્નલ ઓફ મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન તથા VNSGU જર્નલ ઓફ સોશ્યલ સાયન્સ એન્ડ લેંગ્વેજીસ. આ ત્રણેય રેફરીડ જર્નલ્સને ISSN નંબર પણ મળી ગયો છે. યુનિવર્સિટીના કેમીસ્ટ્રી વિભાગને S.A.P. હેઠળ ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે. MCA વિભાગને દેશનું છઠ્ઠું તથા ગુજરાતનું પ્રથમ IBM Centre of Excellence નો દરજજો મળ્યો છે. MHRD વિભાગ દ્વારા ગુજરાત સરકારના આયોજન વિભાગ તથા UNDP દ્વારા રાજયનો પ્રથમ સુરત

જીલ્લાનો Human Development Report તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરી રાજય સરકારને અહેવાલ સુપરત કરાયો છે. સોશ્યોલોજી વિભાગ દ્વારા UGC સહાયથી Center for Social Exclusion and Inclusion Policy દ્વારા સંશોધનની કાર્યવાહી થઈ રહી છે.

સમગ્ર દક્ષિણ ગુજરાતના દાતાઓ, સેવાભાવી સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ, તથા બૃહદ સમાજના હકારાત્મક સહયોગથી યુનિવર્સિટીની ભૌતિક સુવિધાઓને સુધારવાના યુનિવર્સિટીના અભિયાનને સુંદર પ્રતિસાદ મળ્યો છે તેનો વિશેષ ઉલ્લેખ કરવાનું યોગ્ય માનું છું. આ માટે યુનિવર્સિટીની સિન્ડિકેટના તમામ સાથી મિત્રોની હકારાત્મક વલણની ખાસ નોંધ લેવી ઘટે. યુનિવર્સિટીને યુ.જી.સી.ના અગિયારમા પ્લાન અંતર્ગત રૂા. ૧૪.૦૮ કરોડનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

શ્રી જી.એચ. ભકત મેમોરિયલ ટ્રસ્ટ તરફથી રૂપિયા એક કરોડ એકાવન લાખના માતબર દાનથી ૪૬૦૦૦ ચોરસ ફૂટના બાંધકામવાળું મેનેજમેન્ટ વિભાગના અદ્યતન ભવનનું બાંધકામ, શ્રી કમલેશભાઈ પટેલ તરફથી શ્રી છગનભાઈ બબાભાઈ પટેલ સ્પોર્ટસ એકેડેમી માટે યુનિવર્સિટી પરિસરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ક્રિકેટ સ્ટેડીયમ તથા અન્ય રમતગમતોના મેદાનો, શ્રી રાજુભાઈ ગીજુભાઈ પટેલ દ્વારા શ્રી ગીજુભાઈ છગનભાઈ ઈન્સ્ટીટયૂટ ઓફ આર્કિટેકચરના ભવન માટે રૂા. ૧ કરોડ ૫૧ લાખની સખાવત, શ્રી ભુલાભાઈ વનમાળીદાસ પટેલ તરફથી એજયુકેશન વિભાગના પ્રાર્થના હોલ માટે રૂા. ૫૧ લાખનું દાન પ્રાપ્ત થયેલ છે. શ્રી મોરારજી જન્મ શતાબ્દી પ્રતિષ્ઠાન તરફથી ટ્રસ્ટની ૧૫ એકર જમીન તથા અઢી કરોડ જેટલી કિંમતના બાંધકામ સહિતની માળખાકીય સવલતો યુનિવર્સિટીને નેચરોપથીના અભ્યાસક્રમ તથા હોસ્પિટલ ચલાવવા માટે યુનિવર્સિટીને હસ્તાંતર કરવા માટેના MOU થયા છે. ગુજરાતની કોઈ યુનિવર્સિટીમાં નથી તેવું ૧૨૦૦ની બેઠક વ્યવસ્થા ધરાવતું ઓડિટોરિયમ યુજીસીની સહાયથી નિર્માણ પામી રહયું છે. દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારની કન્યાઓની સંખ્યાને સારી રીતે સમાવવા રૂપિયા પોણા બે કરોડના ખર્ચે સરસ્વતી કન્યા છાત્રાલય નું નિર્માણ કરવામાં આવ્યું છે. UGCના અનુદાનથી ગેસ્ટ હાઉસનું બાંધકામ ચાલી રહયું છે. સમાજના સહયોગથી આધુનિક ઓપન એર થીયેટર નિર્માણાધીન છે.

યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમ વખત નવ પૈકી આઠ વિદ્યાશાખાઓના ડીનની વરણી બીનહરીફ સર્વાનુમતેથી થઈ. અઢાર પૈકી સત્તર એકેડેમીક કાઉન્સીલના સભ્યો બીનહરીફ સર્વાનુમતે ચૂંટી કઢાયા જે યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમવાર બન્યું. યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓ માટે હેલ્થ ચેક-અપનો કાર્યક્રમ યોજી તમામ કર્મચારીઓને હેલ્થ કાર્ડ આપવામાં આવ્યું. નવા સત્રથી બેચલર ઓફ આર્કિટેકચરનો અભ્યાસક્રમ માટે કાઉન્સીલ ઓફ આર્કિટેકચરનો લેટર ઓફ ઈન્ટેન્ટ પ્રાપ્ત થયો છે.

આમ, યુનિવર્સિટીના ભૌતિક, શૈક્ષણિક, સંશોધન, પ્રકાશન, પરીક્ષા પધ્ધતિ, વહીવટી સરલીકરણ તથા અનેક વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓમાં યુનિવર્સિટીએ નવીન સીમાંકનો હાંસલ કર્યા તેનો વિશેષ આનંદ છે.

યુનિવર્સિટી જે કંઈ પણ સિધ્ધ કરી રહી છે તેનો સઘળો યશ સેનેટ-સિન્ડિકેટના સૌ સાથી મિત્રો, કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ, સૌઅધ્યાપકો અને સહશૈક્ષણિક કર્મચારીઓને ફાળે જાય છે. હુ સૌને અભિનંદન પાઠવું છું અને સૌ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરું છું.

પ્રસ્તુત અહેવાલ તૈયાર કરનાર સંપાદક મંડળના સૌ સભ્યોને અભિનંદન પાઠવું છું.

ડો. બી. એ. પ્રજાપતિ

વિદ્યાશાખાના ડીનશ્રીની તસ્વીર

આ. ડૉ. જગદીશ એમ. ગુર્જર
(વિનયન વિદ્યાશાખા)

ડૉ. મીનુ એચ. પરબીયા
(વિજ્ઞાન વિદ્યાશાખા)

આ. ડૉ. વિપિનકુમાર ડી. નાયક
(વાણિજ્ય વિદ્યાશાખા)

આ. ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ
(શિક્ષણ વિદ્યાશાખા)

ડૉ. રેણુકા ગર્ગ
(મેનેજમેન્ટ વિદ્યાશાખા)

શ્રીમતી જાગૃતિ કમલેશ પટેલ
(કાનુન વિદ્યાશાખા)

શ્રી નૈમિષ કે. ઝવેરી
(ઈજનેરી વિદ્યાશાખા)

ડૉ. મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ
(તબીબી વિદ્યાશાખા)

આ. ડૉ. સુધીરભાઈ જાની
(ગ્રામ અભ્યાસ વિદ્યાશાખા)

~~હાલ સ્થગિત (ગ્રામ અભ્યાસ વિદ્યાશાખા)~~

પદવીદાન સમારંભમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો

વર્ષ ૨૦૦૯-૧૦ સેનેટ સભ્યોની તસ્વીર

સિન્ડિકેટ સભ્યોની તસ્વીર

ડૉ. બી.એ. પ્રજાપતિ
(માનનીય કુલપતિ)

આ. ડૉ. ઉપેન્દ્રભાઈ ટી. દેસાઈ

આ. ડૉ. કિશોરકુમાર એન. ચાવડા

શ્રી કિરીટસિંહ જે. વાંસદીયા

ડૉ. સુગણા પાથી

શ્રી હોશંગ જી. મીરઝા

શ્રી સંજયકુમાર આઈ. દેસાઈ

શ્રી કિશોરભાઈ આર. વાઘેલા

શ્રી હેમંતકુમાર જે. ટોપીવાલા

શ્રી દિપક આઈ. આફ્રિકાવાલા

ડૉ. મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ

ડૉ. વિપીનકુમાર ડી. નાયક

શ્રી દિનેશભાઈ ડી. દાસા

શ્રી ઘનશ્યામભાઈ ડી. રાવલ

આ. ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ

ડૉ. મોહિનીબેન ગઢીયા

અનુક્રમણિકા

પ્રકરણ	વિષય	પૃષ્ઠ
1.	યુનિવર્સિટીના અધિકાર મંડળો	1 to 50
2.	અનુસ્નાતક ભવનો	51 to 161
3.	યુનિવર્સિટી સંલગ્ન કોલેજો	162 to 319
4.	યુનિવર્સિટી મહેકમ	320 to 333
5.	યુ.જી.સી.નું વિકાસ અનુદાન	334
6.	પરીક્ષા વ્યવસ્થાપન	335 to 380
7.	યુનિવર્સિટીનું નાણાંકીય ચિત્ર	381 to 384
8.	શારિરીક શિક્ષણ અને યુવક કલ્યાણ પ્રવૃત્તિઓ	385 to 404
9.	રાષ્ટ્રીય સેવા યોજના એકમની પ્રવૃત્તિઓ	405 to 410
10.	યુનિવર્સિટી પ્રતિષ્ઠાનની પ્રવૃત્તિઓ	411
11.	યુનિવર્સિટી ગ્રંથાલય	412 to 418

સંપાદકીય

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ચુમ્માલીસમાં વાર્ષિક અહેવાલનું સંપાદનનું કાર્ય અમને સોંપવામાં આવ્યું તે માટે અમે આનંદ અને આભારની લાગણી વ્યકત કરીએ છીએ.

અહેવાલ વર્ષ ૨૦૦૯–૧૦ દરમ્યાન યુનિવર્સિટીએ તથા સંલગ્ન કોલેજોએ વિકાસની કૂચ આગળ વધારી છે. યુનિવર્સિટી વિસ્તારમાં સંખ્યાલક્ષી અને વિકાસલક્ષી વિકાસ થયો છે. આપણાં વિસ્તારમાં વિવિધ વિદ્યાશાખામાં અભ્યાસો શરૂ થવાથી અભ્યાસની નવી તકો ઉભી થવા પામી છે. તદઉપરાંત વિવિધ અભ્યાસક્રમમાં આમૂલ પરિવર્તનની પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી છે.

સમગ્ર શૈક્ષણિક દરમ્યાન અનુસ્નાતક ભવનોમાં અધ્યાપન, સંશોધન અને વિસ્તરણના કાર્યમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિના જ્ઞાનનો અને વહિવટી દક્ષતાનો યુનિવર્સિટીને ખુબ લાભ થયો છે. તેમના નેતૃત્વમાં યુનિવર્સિટીએ માળખાકીય સુવિધા ઉભી કરવામાં અને શિક્ષણની ગુણવત્તા સુધારવામાં વિકાસ કૂચ ચાલુ રાખી છે, તેની સાભાર નોંધ લઈએ છીએ.

વાર્ષિક અહેવાલનું કાર્ય એક સહિયારું સાહસ છે. યુનિવર્સિટીના વિવિધ ઘટકોનો ઉષ્માપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે, જેની અમે સહર્ષ નોંધ લઈએ છીએ. યુનિવર્સિટીના કુલસચિવ શ્રી જે.આર. મહેતા તરફથી પ્રાપ્ત થયેલા સહયોગની અમે સાભાર નોંધ લઈએ છીએ. સિન્ડિકેટ વિભાગના કર્મચારીઓના કામની અને સહયોગની વિશેષ નોંધ લઈએ છીએ.

અમને સંપાદનની જવાબદારી સોંપવા માટે પુનઃ યુનિવર્સિટીનો આભાર માનીએ છીએ.

ક્ષતિ બદલ ક્ષમાપ્રાર્થી છીએ.

–સંપાદક મંડળ

સંપાદક મંડળ

૧.	**ડૉ. કિરણભાઈ પંડયા – કન્વીનર (પ્રા.અને વડા)** આરએમઆઈએસએસએસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.	૨.	**ડૉ. વેંકટરામન (પ્રા.અને વડા)** લોક પ્રશાસન વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૩.	**ડૉ. રાકેશભાઈ દેસાઈ (પ્રા. અને વડા)** અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.	૪.	**આ. ડૉ. વી.ડી. નાયક** એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, લાલ બંગલા પાસે, અઠવાલાઈન્સ, સુરત.
૫.	**ડૉ. અપૂર્વભાઈ એ. દેસાઈ (પ્રા. અને વડા)** કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.	૬.	**ડૉ. આર.ડી.પટેલ** એ/૪, પ્રોફેસર્સ ક્વાટર્સ, સિવીલ હોસ્પિટલ કેમ્પસ, મજૂરા ગેટ, સુરત.
૭.	**આ.ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ** શ્રીમતી વી.આર. ભકત કોલેજ ઓફ એજયુકેશન પો.ઓઃ કામરેજ ચાર રસ્તા–૩૯૪ ૧૮૫, જિ.સુરત.	૮.	**ડૉ. સગુણા પાથી (પ્રા.અને વડા)** સમાજશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૯.	**આ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ** સિધ્ધાર્થ લો કોલેજ, દાદા ભગવાન મંદિર નજીક, ને.હા.નં.–૮, નવાગામ, કામરેજ ચાર રસ્તા, જિ.: સુરત.	૧૦.	**ડૉ. પી. બહાદુર (પ્રા.અને વડા)** રસાયણશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૧૧.	**આ.ડૉ. જગદીશભાઈ એમ. ગુર્જર** શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હાંસોટ રોડ, અંકલેશ્વર – ૩૯૩ ૦૦૧, જિ.: ભરૂચ.	૧૨.	**ડૉ. કે.સી. પોરીયા (પ્રા. અને વડા)** ભૌતિકશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૧૩.	**આ. ડૉ. જે.એમ.નાયક** શાહ એન.એચ.કોમર્સ કોલેજ, તીથલ રોડ, જિ.: વલસાડ–૩૯૬ ૦૦૧.		

44TH ANNUAL REPORT
2009 - 2010

પ્રકરણ – ૧

પ્રકરણ : પહેલું

The Officers of University

(I) THE CHANCELLOR

Hon. Shri Naval Kishore Sharma (To: 29/07/2009)

Hon. Dr. Shrimati Kamla (From: 27/11/2009)
The Governor of Gujarat and Chancellor of the
Veer Narmad South Gujarat University,
Raj Bhavan, Gandhinagar - 382 010

(II) THE VICE CHANCELLOR

Dr. Babubhai A. Prajapati
Vice-Chancellor,
Veer Narmad South Gujarat University,
Udhna Magdalla Road, Surat - 395 007

(III) THE PRO-VICE CHANCELLOR

V A C A N T

(IV) THE DEANS OF FACULTIES:

No.	Faculty	Dean	Period
1.	Arts	**Prin. Dr. Jagdishchandra M. Gurjar** Smt. Kusumben Kadakia Arts & Commerce College, Ankleshwar-393001, Dist: Bharuch.	23/05/2009 TO 22/05/2012
2.	Science	**Dr. Minu H. Parabia** Prof. & Head, Department of Bioscience, Veer Narmad South Gujarat University, Surat.	23/05/2009 TO 09/06/2010
3.	Commerce	**Prin. Dr. Vipinkumar Dayalji Naik** S.P.B. English Medium College of Commerce Athwalines, Nr. Lal Bunglow, Surat.	23/05/2009 TO 22/05/2012
4.	Education	**Prin. Dr. Jayendrasinh P. Gohil** V.R. Bhakta College of Education, Kamraj Char Rasta, Surat.	23/05/2009 TO 22/05/2012
5.	Management	**Dr. Renuka Krishnadas Garg** Head, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat.	23/05/2009 TO 22/05/2012
6.	Law	**Prin. Dr. Jagruti Kamlesh Patel** V.T. Choksi Sarvajanik Law College, Athwalines, Nr. Lal Bunglow, Surat.	23/05/2009 TO 22/05/2012
7.	Engineering	**Shri Naimish Kamleshbhai Zaveri** 4, Surya Raw House, Opp. Pragati Nagar, Piplod Jakatnaka, Vesu, Surat.	23/05/2009 TO 22/05/2012
8.	Rural Studies	**Prin. Dr. Sudhirbhai Jani** Nutan Gramvidhyapith, At & Po: Thava, Ta: Valia, Dist: Bharuch	23/05/2009 TO 22/05/2012
9.	Medicine	**Dr. Mahendra Dolatsinh Chauhan** A/4, Kishorpark Society, Nr. St-Xeviers School, Ghod Dod Road, Surat.	23/05/2009 TO 22/05/2012

(V) THE REGISTRAR

Shri J. R. Mehta
Registrar, Veer Narmad South Gujarat University,
Udhna Magdalla Road, Surat-395007

(V) THE CONTROLLER OF EXAMINATIONS

Shri A. V. Dhaduk
Controller of Examinations, Exam Section,
Veer Narmad South Gujarat University, Surat-395007

Authorities of the University

(A) સેનેટઃ

1. સેનેટઃ અહેવાલના વર્ષ દરમ્યાન મળેલ સેનેટની સભાઓમાં સભ્યોની હાજરી નીચે મુજબની હતી. :

ક્રમ	સેનેટની સભાની તારીખ	કુલ સભ્યોની સંખ્યા	હાજર રહેલા સભ્યોની સંખ્યા
1.	૨૫–૩–૨૦૧૦ વાર્ષિક સભા	133	91
2.	૨૬–૨–૨૦૧૦ વાર્ષિક પદવીદાન સમારંભ	133	74

તારીખઃ ૧ એપ્રિલ, ૨૦૦૯ થી ૩૧ માર્ચ, ૨૦૧૦ દરમ્યાન દિવંગત થયેલ મહાનુભાવો/ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા કર્મચારીઓ, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ફરજ બજાવતા કર્મચારીઓ પ્રતિ શોક પ્રગટ કરી, સૌએ ઉભા થઈ બે મિનિટ મૌન પાળ્યું હતું અને સર્વ દિવંગતોને શ્રદ્ધાજલી આપી હતી.

(૧) સ્વ. ઠાકોરભાઈ વલ્લભભાઈ નાયક
(૨) સ્વ. એરચભાઈ જમશેદજી પટેલ
(૩) સ્વ. ડૉ. જર્નાદન દ્વિવેદી (નામાંકીત સામાજીક કાર્યકર)
(૪) સ્વ. ભુમેશભાઈ મોહનભાઈ દેસાઈ (સિનિયર કલાર્ક, વી.ન.દ.ગુ.યુનિ.)
(૫) સ્વ. મોહનલાલ રૂઘનાથજી નાયક (લાકડાવાલા)
(૬) સ્વ. કે. વાય. બક્ષી (આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર.)
(૭) સ્વ. જગદીશભાઈ

સભાનું કામકાજ શરૂ થતા પહેલાં કુલપતિશ્રીએ સેનેટની સભામાં નવનિયુકત થયેલ નીચેના સેનેટ સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને વ્યકિતગત પરિચય આપ્યો હતો. તેમજ પરસ્પર સહકારની ભાવનાથી કાર્ય કરી યુનિવર્સિટીના વિકાસમાં તેઓનું યોગદાન આપશે એવી આશા વ્યકત કરી હતી.

ક્રમ	નામ	હોદ્દો
(1)	ડૉ. શ્રીમતી કમલા	માનનીય ગર્વનરશ્રી, (ગુજરાત રાજય) કુલાધિપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, રાજ ભવન, સેકટર – ૨૦, ગાંધીનગર – ૩૮૨ ૦૨૦.
(2)	ડૉ. દેસાઈ જયંત ઠાકોરભાઈ	આચાર્યશ્રી, શાહ કે. એમ. લો કોલેજ, પો. બો. નં. ૭૮, ડૉ. મોઘાભાઈ વિદ્યાસંકુલ, શ્રી મોરારજી નગર, તીથલ રોડ, વલસાડ.
(3)	ડૉ. પાંડેય રાજેન્દ્રપ્રસાદ માયાદત્ત	આચાર્યશ્રી, સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સરીગામ, (વાયા : ભિલાડ), તા. ઉમરગામ, જી. વલસાડ.
(4)	ડૉ. હર્ષાવતી સી. પટેલ	આચાર્યશ્રી, જે. પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા – પારડી – ૩૯૬ ૧૯૫, જિ. વલસાડ.
(5)	ડૉ. છાયા કમલ ગીરીશચંદ્ર	આચાર્યશ્રી, સરકારી વિજ્ઞાન કોલેજ, વાંસદા રોડ, પથિકાશ્રમ, ચીખલી, તા. ચીખલી, જિ. વલસાડ, પો. બો. નં. ૩૧.
(6)	ડૉ. અક્ષય અરૂણ બંકર	આચાર્યશ્રી, સી. ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ, આનંદ મંગલ સોસાયટી, ભટાર રોડ, સુરત.
(7)	ડૉ. જશવંતકુમાર ઠાકોરભાઈ ચૌધરી	આચાર્યશ્રી, ગર્વમેન્ટ આર્ટ્સ એન્ડ કોર્મસ કોલેજ, વાંસદા.
(8)	ડૉ. મહેશ ગોવિંદભાઈ સરલાઈ	આચાર્યશ્રી, સી. કે. પીઠાવાલા ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, માલવણ મંદિર નજીક, ડુમસ રોડ, સુરત.
(9)	ડૉ. કે. એન. ભટ્ટ	ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, મજૂરાગેટ, સુરત.
(10)	શ્રી મારૂતિસિંહ તખ્તસિંહ અટોદરિયા	પ્રમુખશ્રી, ભરૂચ નગરપાલિકા, ભરૂચ.
(11)	શ્રી રિતેષકુમાર અમરસિંહ વસાવા	એટ એન્ડ પો. વાડી, તા. ઉમરપાડા, જિ. સુરત.

વય મર્યાદાને લીધે તથા અન્ય કારણે ફારેગ થતા વર્તમાન સેનેટ સભ્યોને તેઓએ આપેલ સેવાની નોંધ લેવામાં આવી હતી તેની યાદી નીચે પ્રમાણે છે.

ક્રમ	નામ	હોદ્દા
(1)	શ્રી પંડિત નવલકિશોર શર્મા	માનનીય ગર્વનરશ્રી, (ગુજરાત રાજય) કુલાધિપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, રાજ ભવન, સેકટર – ૨૦, ગાંધીનગર – ૩૮૨ ૦૨૦.
(2)	ડૉ. શશીકાંત જી. શાહ	પ્રો. અને હેડ, એજયુકેશન વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
(3)	ડૉ. પ્રવિણચંદ્ર એચ. ભાઠાવાલા	પ્રો. અને હેડ, મેથેમેટીકસ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
(4)	આ.ડૉ. બાબારાજુ કીકુભાઈ ભટ્ટ	એમ. ટી. બી. આર્ટ્સ કોલેજ, જવાહરલાલ નહેરૂ માર્ગ, અઠવાલાઈન્સ, સુરત.
(5)	આ. શ્રી કાન્તિલાલ રમણલાલ કાપડીયા	જે. એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર – ૩૯૨ ૧૫૦,જિ. ભરૂચ.
(6)	આ. ડૉ. અરવિંદકુમાર ગોવિંદજી મહેતા	આચાર્યશ્રી, પી. ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, જવાહરલાલ નહેરૂ માર્ગ, અઠવાલાઈન્સ, સુરત – ૩૯૫ ૦૦૧.
(7)	આ. ડૉ. ભરત ધીરૂભાઈ નાયક	આચાર્યશ્રી, શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી ઈ. ઈ. લહેર કોસાડીયા કોમર્સ કોલેજ, ચીખલી.

ઉપરોકત સભ્યશ્રીઓએ તેમના સભ્ય પદ દરમ્યાન યુનિવર્સિટીને આપેલ બહુમૂલ્ય સેવાની કદર કરવામાં આવી હતી.

2. ચૂંટણીઃ

બોર્ડ ઑફ એકાઉન્ટસઃ

ચૂંટણી માટે ઉમેદવારી પત્રકો સ્વીકારવા માટેની નિયત તારીખ અને સમય સુધીમાં કાર્યાલયને પાંચ (૫) સભ્યોની ચૂંટણી માટે નીચેના બે (૨) ઉમેદવારો તરફથી ઉમેદવારી પત્રકો મળ્યા હતાં. બે (૨) ઉમેદવારોના ઉમેદવારીપત્રકોની ચકાસણી થતાં તમામ માન્ય ઠર્યા હતા. ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની નિયત તારીખ અને સમય મર્યાદા સુધીમાં કોઈ પણ ઉમેદવારે ઉમેદવારીપત્રક પરત ખેંચ્યું ન હોવાથી પાંચ (૫) જગ્યા હોઈ નીચે જણાવેલ બે (૨) ઉમેદવારોને નાણાંકીય વર્ષઃ ૨૦૧૦–૨૦૧૧ માટે બિન હરીફ ચુંટાયેલાં જાહેર કરવામાં આવ્યાં હતાં :

ક્રમ	યુનિવર્સિટી ધારાની કલમ/ સ્ટેટ્યૂટ	મતદાર વિભાગ	ઉમેદવારનું નામ
1.	સ્ટેટ્યૂટ ૧૯૭	બોર્ડ ઓફ એકાઉન્ટસ સેનેટના હોદ્દાગત સભ્ય તેમજ સિન્ડકેટના સભ્ય ન હોય તેવા સેનેટના સભ્યો	શ્રી કિશોરસિંહ ભગાભાઈ પરમાર
			શ્રી ભરતકુમાર મનુભાઈ નાયક

3. સેનેટની વાર્ષિક સભામાં લેવાયેલા કેટલાક અગત્યના નિર્ણયો :

(I) સેનેટની તા. ૨૫/૩/૨૦૧૦ની વાર્ષિક સભામાં પ્રશ્નોત્તરી પૂર્ણ થયા બાદ શ્રી હોશંગ જહાંગીરજી મિરઝા દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને સંલગ્ન સ્વનિર્ભર કોલેજોના સંદર્ભમાં નીચેની બાબત ઉપર ચર્ચા – વિચારણા કરી નિર્ણય લેવા માટે પ્રસ્તાવ મૂકયો હતો.

શ્રી હોશંગભાઈ મિરઝા : તેમણે સભામાં જણાવ્યું હતું કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાતની ઘણી ખરી કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર કોર્ષમા કોલેજો ધ્વારા ગેરરીતિ આચરવામાં આવે છે એ પ્રકારની ગંભીર બાબતો ધ્યાન પર આવી છે. નિયમ મુજબ શૈક્ષણિક/બિન–શૈક્ષણિક કર્મચારીઓ નિમવામાં આવતા નથી. પગાર પૂરો ચૂકવવામાં આવતો નથી, વિદ્યાર્થીઓને પૂરી સવલતો આપવામાં આવતી નથી, નોકરીની સલામતી નથી, ઓર્ડિનન્સનો સરિયામ ભંગ કરવામાં આવે છે. સ્ટુ. કાઉન્સિલની પ્રથા યોગ્ય રીતે નિયમ મુજબ કરવામાં આવતી નથી. કેટલીક સેલ્ફ–ફાઈનાન્સ કોલેજોમાં ઈરાદાપૂર્વક ગેરરીતિ કરવામાં આવે છે. અત્રે એ પણ ધ્યાન ઉપર આવ્યું છે કે, સેલ્ફ ફાઈનાન્સ કોલેજો વેચવા માટેની માહિતી પણ ધ્યાન ઉપર આવી છે. મોટા ભાગની કોલેજો ધ્વારા સ્કોલરશીપ મળે તે માટે કોઈ પ્રયત્નો કરવામાં આવતા જ નથી. સ્કોલરશીપ આવી હોય તો સમયસર નાણા આપતા નથી. માળખાકીય સુવિધા નથી.

ઉપરોકત બાબત ગંભીર છે. આ અંગે તાકીદે જરૂરી પગલા લેવા સેનેટને અનુરોધ કરીએ છીએ.

માનનીય કુલપતિશ્રી : આ બાબતે ટેકો કોણ આપે છે ?

આ. ડૉ. વી. ડી. નાયક : હું ટેકો આપું છું.

શ્રી હોશંગભાઈ મિરઝા : તેમણે સ્ટેટયુટ ૬૦ અન્વયે એક કલાક માટે સભા એડજોર્ન કરવા વીસી સાહેબને જાણ કરી.

માનનીય કુલપતિશ્રી : આઈ પૂટ ધીસ પ્રપોઝલ, ઈફ મેજર સભ્યો સંમત થતા હોય તો એક કલાક માટે સભા એડજોર્ન કરીએ આપના પ્રસ્તાવ બાબતે.

સંજયભાઈ એ પ્રસ્તાવ મૂકયો કે એડજોર્ન કરવા માટે ચર્ચા કરીએ તો ?

આ. ડૉ. વી.ડી. નાયક : ટેકનિકલી જરૂરી છે.
સામુહિક ચર્ચા બાદ સભા ૪૫ મિનિટ માટે સભા એડજોર્ન કરવા અંગેની જાહેરાત વીસી સાહેબે કરી. અને ૪૫ મિનિટ માટે આ વિષય ઉપર સ્ટેટયુટ ૬૦ની જોગવાઈ પ્રમાણે આ વિષય પર સ્પેશ્યલ ચર્ચા કરીએ છીએ. ત્યારબાદ રેગ્યુલર એજન્ડા બાબતે ચર્ચા કરીશું...

શ્રી હોશંગભાઈ મિરઝા : લાસ્ટ ઈલેકશનમાં પાંચ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના ડાયરેકટરો નિમાયા – ૮ થી ૧૯ મિત્રો નિમાયા – હજુ ૯૦ ટકા કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં આચાર્યો નથી. વય મર્યાદા ૬૨ થી ૬૫ માટે જોગવાઈ છે. કવોલીફાઈડ માણસની અરજી આવી હોવા છતાં ઘણી જગ્યાએ નવા શિક્ષકો નિમાતા નથી. ઘણી જગ્યાએ પીએચડી ન હોય તેવાઓને ઈ.ચા. પ્રિન્સિપાલ તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. શૈક્ષણિક સંસ્થાઓનું નેતૃત્વ કવોલીફાઈડ વ્યકિત સંભાળે તે મુજબ ચાલે તેને માટે પ્રયત્ન થવો જોઈએ. આ અંગેનો અમલ થવો જરૂરી છે.

માનનીય કુલપતિશ્રી : આ અંગેનો પરિપત્ર દરેક કોલેજોને મોકલી દીધો છે.

શ્રી હોશંગભાઈ મિરઝા : એ પરિપત્રનો અમલ કરે તે જોવાનું રહે છે. ૯૦ ટકા સંસ્થાઓમાં શોષણ કરવામાં આવે છે. પૂરો પગાર ચૂકવવામાં નથી આવતો. સંસ્થાઓની વગ મોટી હોવાનું, આર્થિક તાકાત મોટી છે, ઉપરાંત હિંમત પણ વધારે છે. બી એડ્ કોલેજોમાં ૨૫મી થી એડમિશનો આપવાનું ચાલુ થશે. કેટલીક સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં પગાર નિયમ પ્રમાણે ચૂકવાતો નથી, એક બાજુ પગારનો ચેક આપવામાં આવે અને બીજી બાજુથી એમની પાસેથી અમુક રકમ પરત લઈ લેવામાં આવતી હોય છે. શિક્ષકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓનો કચડાયેલો વર્ગ છે. ફરિયાદ કરે તો નોકરી માંથી કાઢી મૂકવામાં આવે, આજે એવી સ્થિતિ ઉભી થઈ ગઈ છે કે ગમે ત્યારે ગમે તેને મન ફાવે તે મુજબ છૂટા કરી દેવામાં આવે છે. અનેક કોલેજોમાં એવા કિસ્સાઓ છે કે જે નિયમ કરતા વધારે ફી લેવાય છે. નારણલાલા કોલેજમાં ૫૦૦ રૂા. ટી.સી. કઢાવવાના લેવામાં આવે છે. જે સામાન્ય રીતે ૫૦–૩૦ લેવાતી હોય છે. ઘણી બધી કોલેજોમાં નાણાના હિસાબો રજૂ કરવામાં આવતા નથી, અને તેના ઓડિટ થતા નથી. નારણલાલા કોલેજ, નવસારી, તક્ષશીલા કોલેજ બરોડા, ભગવાન મહાવીર કોલેજો, વેસુ બાબતે એવું જાણવા મળ્યું છે કે, યુનિ. ની પરીક્ષા દરમ્યાન સ્કોડના સભ્યો જયારે જાય છે ત્યારે કોલેજના સંચાલકો જ આગળથી વિદ્યાર્થીઓને મેસેજ આપી દેતા હોય છે. જયાંથી કોથળો ભરાય એટલી કાપલીઓ વિદ્યાર્થીઓ લાવતા હોય છે, બારીમાંથી કાપલા નાંખી દેવામાં આવતા હોય છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો વેચવામાં આવી છે. એવી ગંભીર બાબતો ધ્યાન પર આવી છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં કોઈ વિદ્યાર્થીઓની સ્કોલરશીપની રકમના નાણા આવે તો તે નાણા વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવતા નથી. ભગવાન મહાવીર કોલેજનો આ દાખલો છે. એલઆઈસીના સભ્યોએ જવાબદારી પૂર્વકનું વલણ વર્તન દાખવવા આપણે અપેક્ષા રાખીએ છીએ. શહેર ગામડાઓના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ પેટે પાટા બાંધીને ભણે છે. શાળાના મકાનોમાં ભંડાકિયામાં વર્ગો ચાલતા હોય છે. શિક્ષકો/ વિદ્યાર્થીઓનું શોષણ થઈ રહયું છે. યુનિવર્સિટી/ કોલેજને ચૂકવેલા નાણાનું વળતર સવલત વિદ્યાર્થીઓને મળવુ જોઈએ તેવી વ્યવસ્થા આ યુનિવર્સિટી કરે તેની તકેદારી રાખે.

શ્રી સંજયભાઈ દેસાઈ : વાર્ષિક અહેવાલના પાના નં. ૧૯ ઉપર ક્રમ નં. ૩૫ થી ૪૫ સુધી જે **The Principal** ને બદલે **I/c Principal** હોવું જોઈએ.

કેટલીક કોલેજોમાં શિક્ષકો પીએચડી હોય છતાં ચમચાગીરી કરનારને કારભાર સોંપવામાં આવે છે. અગાઉના વર્ષોમાં મને યાદ છે કે શ્રી સૂર્યકાંતભાઈ શાહ મળીને સેલ્ફ ફાઈનાન્સ બાબતે એમણે જે ભયસ્થાનો બતાવેલા તે સ્પષ્ટ દેખાઈ આવે છે. અધ્યાપકોનું શોષણ, ફરિયાદ કરે તેને સાંભળ્યા વગર કાઢી મૂકે છે. અને સંચાલકો ધ્વારા બીજી કોલેજોમાં ફોન કરી જણાવી દેતા હોય છે કે આ વ્યકિત તો તોફાની છે. વિદ્યાર્થીઓ પાસે છાશવારે મેન્યુઅલ વગેરે માટે પૈસા ઉઘરાવવામાં આવે છે. સિનિયોરીટીની અવગણના કરવામાં આવે છે. જુનિયરને હેડ બનાવી દેવામાં આવે છે. જે અધ્યાપક મેકેનિકલનો હોય તેને સિવિલ, આર્કિટેકચરનો હેડ બનાવી દેવામાં આવે છે. કહયાગરો હોય તેને હેડ બનાવી દેવાતો હોય છે. રજાના લાભોની સવલતો નથી અપાતી. યુનિવર્સિટી દ્વારા સિલેકશન થયા પછી પણ નિમણૂંક પત્રો આપવામાં આવતા નથી. ૮–૧૦ ફોન કર્યા પછી નિમણૂંક આપવામાં આવે છે.

નિમણૂંકપત્ર આપતી વખતે તેઓની પાસે ૩–૪ પાનાના બાંહેધરીપત્રો લખાવી લેવામાં આવતો હોય છે. કેટલીક કોલેજોમાં પીએચડીના અધ્યાપકો હોતા નથી એવા અધ્યાપકોને રક્ષણ આપવું જોઈએ. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો શરૂ થઈ ત્યારે નિયમો બનાવવામાં આવેલા છે.

ડૉ. મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ : આજે એક જાગૃત સભ્ય તરફથી પ્રસ્તાવ કરવામાં આવ્યો છે, અને તેને સંજયભાઈએ ટેકો આપ્યો છે. તમામ સેનેટના સભ્યો તેવી મારી અપેક્ષા છે. જે કોલેજો પગાર અપૂરતો ચૂકવતા હોય છે. તેવા અનેક વિદ્યાર્થીઓ બીજી નોકરીઓ શોધી રહયા છે. એના માટે સંચાલકોને જવાબદાર ગણવા જોઈએ.આ અંગે કોઈ જડબેસલાક વ્યવસ્થા શરુ કરવી જોઈએ. એલઆઈસીની પધ્ધતિમાં ફેરફારો કરવા જોઈએ.

શ્રી મારૂતીસિંહ ટી. અટોદરિયા : હોશંગભાઈ માટે હું મારો સૂર પૂરાવું છું. સંચાલકમંડળોના ભોગે વિદ્યાર્થી/શિક્ષકોને ભોગવવું પડે છે. જો પોલિસ કેસ કરવાની જરૂર હોય તો તે પણ કરવું જોઈએ. અમે બધાં સભ્યો આ અંગે જે કોઈ કાયદાકીય કાર્યવાહી કરવાની જરૂર હોય તો તે કરવી જોઈએ.

આ. ડૉ. વી ડી નાયક : સંસ્થાની મુલાકાત સમયે એક સભ્યે મને જણાવ્યું હતું કે, અમને બેંકમાંથી પગાર ચૂકવવામાં આવે અને બીજા દિવસે પરત લઈ લેવામાં આવે. આ બાબતે એફિડેવીટ ફકત ૪ કોલેજોએ કરી છે, કેટલીક કોલેજોમાં મેદાનો નથી, અધ્યાપકોને પૂરતો પગાર આપવામાં આવતો નથી. બરોડા, ભરુચ જેવી અનેક કોલેજોમાં બીબીએ, બીસીએ કોલેજોના અધ્યાપકો કોલેજોમાં ભણાવતા નથી, ટીચર્સોનાં શોષણને કારણે તેઓ અલગ રીતે ટ્યૂશનો કરવા પ્રેરાય છે. એલઆઈસી દ્વારા આ કામ કરવાનું છે. એલઆઈસીના સભ્યોએ યોગ્ય રીતે રિપોર્ટ લખશે એવી અપેક્ષા રાખીએ છીએ.

શ્રી કિરીટસિંહ જે. વાસદિયા : આ બાબત અંગે સિન્ડિકેટમાં ચર્ચા થઈ છે. જે એલઆઈસી સભ્યો જાય છે તેમની પાસે આ બાબતે ધ્યાન અંગે નિર્દેશ કર્યો હતો.

શ્રી માર્કંડભાઈ ભટ્ટ : હોશંગભાઈ મિરઝાએ જે દરખાસ્ત મૂકી છે તેને ટેકો જાહેર કર્યો હતો. સેલ્ફ ફાઈનાન્સના નામે જે હાટડીઓ ચાલી રહી છે તે બંધ થવી જોઈએ. મંજૂરી આપીએ ત્યારબાદ તે ધંધાદારી અભિગમ થઈ જાય છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો યુનિ.ની સંબંધિત બોડીને આધારે તેનું પાલન કરવું જોઈએ.

આ. ડૉ. યુ . ટી. દેસાઈ : શ્રી હોશંગભાઈ મિરઝાએ જે પ્રસ્તાવ મૂકયો છે, તે ખૂબ જ ચિંતાજનક બાબત છે. યુનિવર્સિટીએ જે સેલ્ફ ફાઈનાન્સની ફી નકકી કરી છે તે ફી બધી જ સંચાલક મંડળ લઈ લે છે. મોટેભાગે સેલ્ફ ફાઈનાન્સની ફી જે ઉઘરાવવામાં આવે છે તે મેનેજમેન્ટના ખાતામાં જમા કરી દેવામાં આવે છે. પછી તે અંગે પ્રિન્સિપાલે શોધવા જવાનું હોય. મેગેઝિન બહાર પાડવાનું હોય તો વિદ્યાર્થીઓ પાસે ફી ઉઘરાવવામાં આવે છે. ખાસ બાબત તો એ છે કે પરીક્ષાની ગેરરીતવાળી કેટલીક કોલેજો મેઈન ગેટમાં અંદરથી તાળા મારી દેતા હોય છે. સ્કોડ ત્યારે જ દાખલ થઈ શકે જયારે તાળા અંદરથી ખોલવામાં આવે. અધ્યાપકોના શોષણને કારણે ટ્યૂશનની પ્રવૃત્તિ વધી ગઈ છે. મહેકમ મુજબ નોન–ટીચીંગ સ્ટાફ નિમાતો નથી. પીજી સેન્ટર ગ્રાન્ટેડ હોય કે નોન ગ્રાન્ટેડ હોય સેલ્ફ ફાઈનાન્સ કોલેજોના પી જી સેન્ટર યુનિવર્સિટીના જ છે.

શ્રી કેતનભાઈ સી. દેસાઈ : શ્રી હોશંગભાઈએ જે સૂચનો કર્યા છે તે ટીચર્સ તરીકે અમારે કરવાનું હોય તે રજૂઆત એમણે કરી છે. આ અંગેની રજૂઆત યુનિ. માં કરવામાં આવે છે છતાંપણ ઘણા બધાં પ્રોબ્લેમ્સને તથા કોઈ કારણસર અમલ થતો નથી. આ અંગે કડક નિયમો આમેજ કરી શકીએ તે સ્વીકાર્ય છે. એલઆઈસીના સભ્યો ધ્વારા ઘણા પ્રશ્નોનો નિરાકરણ લાવી શકાય. પીએફ, ગ્રેજયુઈટીના પ્રશ્નો છે તેનું નિરાકરણ લાવવું જોઈએ.

ડૉ. અપૂર્વ એ. દેસાઈ : અપૂરતા પગારવાળો પ્રશ્ન આઘાતજનક છે. કોઈક કોલેજોમાં તો સ્ટાફના ઓફિસીયલ ખાતા જ નથી ખોલાવવામાં આવ્યા. અધ્યાપકો લેખિતમાં ફરિયાદ આપે તો તેમને પાણીચુ આપી દેવામા આવે છે. મારે એલઆઈસીમાં જવાનું થાય ત્યારે કેટલીક બાબતો જોતાં ઈન્ફાસ્ટ્રકચરનો અભાવ જોવા મળે છે. જે દિવસે એલઆઈસી જે તે કોલેજમાં જવાની હોય ત્યારે તેવી કોલેજો બહારથી કોમ્પ્યુટર્સ લાવી ગોઠવી દેતા હોય છે. લાયબ્રેરીમાં આગળથી ગોઠવી દેવાતી હોય છે. ઈન્ટરનેટ આજે જ ચાલતું નથી એવું જણાવી ગોળ ગોળ ફેરવવામાં આવે છે. બીસીએનું પરીક્ષણ સૌથી અઘરું છે. એમ.ફિલની જરૂરીયાત છે, શિક્ષકોને એમફિલ માટે કલાસ ભરવાની રજા આપવામાં આવતી નથી. યુનિવર્સિટી એલઆઈસીને બદલે સરપ્રાઈઝ એલઆઈસી મોકલે તે વધુ ઉચિત છે.

શ્રી શ્રીધર આર. નિમાવત : એલઆઈસીમાં જનાર સભ્યો ત્યાં શું જોઈ છે? એલઆઈસી ધ્વારા જે ચકાસવાનું હોય ત્યારે જ કાળજી રાખવામાં આવે તો આવું રીપીટ ન થાય.

ડૉ. કિરણભાઈ એમ.પંડયા : સ્વનિર્ભર કોલેજો બાબતે જે સભ્યોએ મંતવ્યો દર્શાવ્યા તે ખૂબ જ આઘાતજનક છે. ચિંતા ઉપજાવે તેવા છે. આ જોતા ઉચ્ચશિક્ષણની પરિસ્થિતિ ગંભીર છે. બધાંના મંતવ્યો ધ્યાનમાં લઈ યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

શ્રી કિશોરભાઈ આર. વાઘેલા : ઘણી ખરી કોલેજોમાં ટ્રસ્ટીઓ, કોલેજના ડેવલપમેન્ટ સિવાયના કામો માટે બેઠા હોય છે. કોલેજોના રિપોર્ટ આવે ખરા પણ તેનો અભ્યાસ થવો જોઈએ. કેટલીક કોલેજોમાં ફીની રકમ કોલેજના ટ્રસ્ટીના ઘરે જતી હોય છે. કેટલીક કોલેજોમાં પીજી સેન્ટરમાં અધ્યાપક સેમિનારમાં જવા માંગતો હોય તો ન ગમતા અધ્યાપકને મંજૂરી માંગે તો પણ આપવામાં આવતી નથી. ન ગમતા કોઈ અધ્યાપકની રજા કાપવામાં આવે છે તો માનીતાની કાપવામાં આવતી નથી. કોઈ કડક નકકર પગલા ભરવાની ખાસ જરૂર છે. એન્જીનિયરીંગની જેમ ફીનું ધોરણ હોવું જોઈએ. સારી કોલેજોની ફી વધે, તે મુજબ સી, ડી, ગ્રેડ આપવા જોઈએ.

શ્રી જે. એમ. નાયક : શ્રી હોશંગભાઈ મિરઝાનાં ઠરાવને હું અનુમોદન આપું છું. સેલ્ફ ફાઈનાન્સ બાબતે જે કબૂલાત કરવામાં આવે છે તે મુજબ તેનું પાલન થતુ નથી. જરૂરિયાત મુજબ સ્ટાફ હોતો નથી. મોટે ભાગે લાયબ્રેરિયન લેવામાં આવતા નથી, ટીડીએસ ની રકમ પગારમાંથી કાપવામાં આવે છે, આમછતાં ચૂકવણી પૂરી થતી નથી, રકમ કોઈ વ્યકિતના ખિસ્સામાં જાય છે. આ બદી અટકે તેના પ્રયાસો થવા જોઈએ અને કોઈ ચોકકસ નિયમો ઘડાવા જોઈએ.

ડૉ. કે. સી. પોરીયા : જે કોલેજો પૂરતું ઈન્ફ્રાસ્ટ્રકચર ધરાવતી હોય તેને માન્યતા આપવી અને જે ન ધરાવતી હોય તેને ન આપવી જોઈએ, તેમણે વધુમા જણાવ્યું હતું કે, કેટલીક પ્રતિષ્ઠિત ટ્રસ્ટ દ્વારા ચાલતી કોલેજોમાં પણ બિન–શૈક્ષણિક સ્ટાફને માત્ર રૂા. ૨૫૦૦ જેવી નજીવી રકમ આપવામાં આવે છે.

શ્રી હોશંગભાઈ મિરઝા : તમામ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે, આભાર, દરેકના સૂચનો નોંધ્યા છે. દરેક સભ્યોએ તેમની દરખાસ્ત સિન્ડિકેટમાં મૂકવા જણાવ્યું હતું. આ ન્યાય માટેની લડત છે. સમગ્ર સેનેટ એક પરિવાર તરીકે માનનનીય કુલપતિશ્રીની સાથે છે, એટલે સાહેબ, કડકમાં કડક પગલા સિન્ડિકેટ લેતા અચકાય નહી. વિદ્યાર્થીઓનું અહિત ન થાય, મહાવિદ્યાલય ચાલુ રહે અને હાટડીઓ ન બને.

માનનીય કુલપતિશ્રી : આજે જે કોઈ સૂચનો થયા છે, આ બધા સૂચનો કમિટીના ફોર્મમાં સ્વીકારી ઠરાવ કરી શકાય. આ તમામ સૂચનો સિન્ડિકેટને ભલામણ કરે. બીજા કોઈનું સૂચનો હોય અને ઠરાવ હોય તો પાછળથી કરી શકશે તે પણ બે–ત્રણ દિવસમાં જ.

ઉપરોકત તમામ અને આનુસંગીક બાબતો અંગે આજની આ સભા ગંભીર ચિંતા વ્યકત કરે છે. અને તે તમામ બાબતોને ધ્યાને લઈ જરૂરી કાનૂની જોગવાઈઓ કરવા તેમજ વહીવટી પગલા લેવા અને વિદ્યાર્થીઓ, શિક્ષકો, બિન–શૈક્ષણિક કર્મચારીઓનું શોષણ ન થાય અને સ્વનિર્ભર કોલેજોમાં શિક્ષણની યોગ્ય વ્યવસ્થા ઊભી થાય તે માટે તાકીદે જરૂરી પગલા લેવા આજની આ સભા સક્ષમ અધિકાર મંડળ સિન્ડિકેટને અનુરોધ કરે છે."

ઉપરોકત પ્રસ્તાવ ચર્ચા વિચારણાને અંતે માનનીય અધ્યક્ષશ્રીએ મત ઉપર મૂકતા તેને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

(II) ૨૦૦૮–૨૦૦૯ના વર્ષનો યુનિવર્સિટીનો તેતાળીસમો (૪૩) વાર્ષિક અહેવાલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(III) યુનિવર્સિટીનું સનેઃ ૨૦૦૯ –૨૦૧૦ નું સુધારેલુ અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું.

4. સ્ટેટ્યૂટ :

Statute No.	Particulars of the Statute amended
સ્ટેટ્યૂટ – ૧૦૬ અને ૨૨૯ (૩)	**STATUTE - 106:** **2. Faculty of Science:** Applied Statistics **STATUTE - 229:** **3. Faculty of Science:** M. Sc. (Applied Statistics)
સ્ટેટ્યૂટ – ૧૦૬ અને ૧૨૦	**STATUTE - 106:** **Arts** (D) Interior Design (D) Mass Communication (D) Comparative Literature **Science** (2) Bio-technology (2) Applied Mathematics (2) Pharmaceutical Chemistry (2) Environmental Chemistry **Medical** (7) Optometry (7) Clinical Psychology **STATUTE - 120:** **Arts** 23 A Interior Design 22 A Mass Communication 13 A Comparative Literature 17 A Social Work **Science** 37 A Bio-technology **Medical** 55 - 6 Optometry 56 - 4 Clinical Psychology

ઉપર્યુકત સ્ટેટ્યૂટ સેનેટ તા.૨૫–૩–૨૦૧૦ની સભાએ સર્વાનુમતે મંજૂર કર્યા હતા. તેમજ મા. કુલાધિપતિશ્રીની મંજૂરી માટે રજૂ કરેલ છે.

5. ઓર્ડિનન્સ :

Ord. 128 (1)

The Tuition / Laboratory fees for the Post-Graduate students expect for the course which are partly financed form the fees, mentioned in Ordinance 128 (1) enrolled at the P.G. Centres or the University Departments shall be charged at the following rates :-

Sr. No.	Faculty	Tuition Fees per Term	Laboratory Fees and Other Fees per Term (Where applicable)
1	Faculty of Arts	Rs. 750/-	Rs. 500/- (include Language Lab)
2	Faculty of Science	i) Rs. 1,250/- for M.C.A. ii) Rs. 750/- for D.C.A. iii) Rs. 900/- for all other courses	Rs. 1,000/- for M.C.A. / D.C.A. Rs. 800/- for all other courses
3	Faculty of Management	Rs. 1,250/- for M.B.A.	Rs. 1,000/-
4	Faculty of Commerce	Rs. 750/-	--
5	Faculty of Education	Rs. 750/-	--
6	Faculty of Law	Rs. 750/-	--
7	Faculty of Medicine	Rs. 1,250/- for all subjects/ for M.D., M.S. and Diploma courses	Rs. 3,000/-
8	Faculty of Rural Studies	Rs. 750/-	Rs. 800/-
9	Faculty of Engineering	Rs. 1,250/-	Rs. 1,500/-

Ord. 128 (3) (B)

(I) For Ph.D. Programmes in all the Faculties :	
1. Tuition Fees	Rs. 2,000/- per Term
2. Laboratory Fees (Wherever applicable)	Rs. 1,500/- per Term
3. Synopsis Fees	Rs. 1,250/-
4. Examination Fees	Rs. 1,250/-
(II) For M.Phil. Programmes in all the Faculties :	
1. Tuition Fees	Rs. 5,000/- per Term
2. Laboratory Fees (Wherever applicable)	Rs. 1,000/- per Term
3. Synopsis Fees	Rs. 1,250/-
4. Examination Fees	Rs. 1,000/-

Ord. 128 (4)

All the students shall also be liable to pay the following fees per Term :-

1.	**Registration Fees**	Rs. 100/- (at the time of admission)
2.	Library Deposit	Rs. 200/- (at the time of admission)
3.	Identity Card	Rs. 10/- (per Term) (at the time of admission)
4.	Library Fees	Rs. 100/- (per Term)
5.	**Gymkhana Fees**	Rs. 50/- (per Term)
6.	**Student Welfare Fund**	Rs. 20/- (per Term)
7.	Internal Test Examination Fees	Rs. 70/- (per Term)
8.	**Amenities**	Rs. 70/- (per Term)
9.	**Campus Development Fees**	Rs. 50/- (per Term)
10.	University Development Fees	Rs. 50/- (per Term)
11.	University Sports Complex Fees	Rs. 20/- (per Term)

Note : Full-time Teachers of the affiliated colleges of this University registered for M.Phil. and Ph.D. Degrees shall be exempted form payment of Gymkhana Fees and Library Deposit.

ઉપર્યુકત ઓર્ડિનન્સ સેનેટની તા.૨૫–૩–૨૦૧૦ની સભાએ સર્વાનુમતે મંજૂર કર્યા હતા.

Ordinance - 66

O. 66 (1):

DATES OF APPLICATION AND FEES FOR NEW, CONTINUATION, EXTENSION AND PERMANENT AFFILIATION FOR COLLEGES

(1) DATES OF APPLICATION:

(1) Applications In the prescribed form for the affiliation of new, Colleges, addition or Merger of Faculty / Faculties, Continuation, Extension or Permanent affiliation of the existing Colleges shall reach the Registrar on or before **30 September,** of the preceding year. **The application processing fee will be Rs. 10,000/- (Ten Thousand only)**

(2) No application for the new affiliation or addition or Merger of faculty / faculties shall be ordinarily accepted after the last date. However, with the approval of the Vice - Chancellor, the late application, on payment of late fee indicated below may be accepted by the Registrar:

	LATE FEE
on or before 15th OCTOBER	Rs. 25,000/-
on or before 30th OCTOBER	Rs. 50,000/-
on or before 15th NOVEMBER	Rs. 1,00,000/-

(3) (i) Application, which is incomplete in any respect or which is received after the due dates mentioned above will be filed and **50%** of application fee for such applications shall be refunded. However, Late Fees shall not be refunded.

(ii) In case the Society / Trust decides to withdraw an application made for new or extension of affiliation, or Merger of Colleges, such request will ordinarily be considered if made prior to the visit by the Local Inquiry Committee, **50%** of application fee for such applications shall be refunded. If such application is received after the visit of the Local Inquiry Committee / Verification Committee, **no refund shall be made.**

(iii) In case, the Society / Trust decides to withdraw an application made for new or extension of affiliation, or Merger of Colleges such request will be considered, provided appointment of LIC is not made and in such cases **50%** of application fee shall be refunded.

(4) In case the application for new affiliation, addition or Merger of Faculty, bifurcation / Merger of existing faculties, colleges continuation or extension of affiliation is not recommended by the University to the State Government the amount of affiliation fees paid by the applicant shall be refunded to the applicant to the extent of 50% only.

(5) Provided, however, that the refund under (3) shall be made if claimed by the society/ Trust within three months from the date of application or receipt of appropriate information/communication from the university as the case may be failing which it will be forfeited. **No refund of affiliation fee shall be made once the affiliation/ is recommended/ merger is approved or students are permitted to admit.**

(6) The fees paid for affiliation/ Merger of Colleges shall not be refunded.

O.66 (2) (A)

FEES FOR AFFILIATION FOR GRANT IN AID AND GOVERNMENT COLLEGES

The application form for new affiliation, continuation or affiliation, extension of affiliation or permanent affiliation shall be submitted to the Registrar in the prescribed forms accompanied by affiliation fees by Demand Draft in the name of Registrar as prescribed below:

Sr, No.	Particular	New Affiliation in Rs. (Per Division)	Continuation of Affiliation in Rs.	Extension Affiliation in Rs.	Permanent Affiliation in Rs.
1	Arts and /or Commerce	30000/-	2000/- per Subject	4000/- per Subject	60000/-
2	Science	40000/-	2000/- per Subject	4000/- per Subject	80000/-
3	Arts, Science and Commerce	50000/-	2000/- per Subject	4000/- per Subject	100000/-
4	Education (including B. Phy. Edu)	40000/-	2000/- per Subject	4000/- per Subject	80000/-
5	Engineering	100000/-	10000/- per Br.	20000/- per Branch	200000/-
6	Law (Three & Five Year Course)	40000/-	10000/-	10000/ for Natural Growth-	80000/-
7	Medicine	100000/- per subject	10000/-	20000/- per No. Gr. 30000/- for New Br.	200000/-
8	Home Science	30000/-	10000/-	10000/-	60000/-
9	B. Sc. (Nursing)	50000/-	10000/-	10000/-	100000/-
10	Pharmacy (Degree)	80000/-	10000/-	10000/-	160000/-
11	Pharmacy (Diploma)	40000/-	10000/-	10000/-	80000/-
12	Physiotherapy	50000/-	10000/-	10000/-	100000/-
Other Courses					
13	Degree	50000/- **Per Division**	10000/- **Per Division**	10000/- **Per Division**	100000/-
14	Diploma	30000/-	5000/-	--	--
15	Certificate	20000/-	2500/-	--	--

Note: For the affiliation of a new division in a Grant-in aid or Government college the various affiliation fees shall be as per O- 66(2)(A).

ORDINANCE 66(2) B SELF FINANCE INSTITUATION (FOR UNDER GRADUATE LEVEL)

Sr. NO.	Course / Programme	Student Intake per Division	APPLICATION FEES			Annual affiliation/ Fee (per Student)	In case of change in column - 3 minimum fee (payable)	Application fee for permanent affiliation
			For New Affiliation Fees	For Continuing affiliation (Per Division per Year)	For Extension of affiliation (Per Division per Year)			
1	2	3	4	5	6	7	8	9
(I)	**SCIENCE FACULTY**							
1	B.Sc. (Computer)	60	60000	5000	7000	1000	22000	120000
2	B.Sc. (Micro)	60	90000	5000	14000	1000	22000	180000
3	B. Sc. (Chemistry) / B. Sc. (Industrial Chemistry)	60	60000	6000	7000	700	16500	120000
4	B. Sc. (Biotechnology)	60	150000	15000	14000	1200	38500	300000
5	B. Sc. (Nursing)	60	120000	10000	21000	1100	33000	240000
6	B. Sc. (Fashion Apparel Designing)	60	60000	6000	24000	1000	30000	120000
7	B. Sc. (Bio chemistry)	60	60000	5000	24000	1000	20000	120000
8	B. Sc. (Home Science)	60	60000	2000	7000	700	16500	120000
9	B. Sc. (I.T)	60	75000	8000	14000	1100	27500	150000
10	B. Sc. (Medical Technolgy)	60	90000	3000	14000	1000	22000	180000
11	B. Sc. (Pharmacy)	60	150000	15000	14000	1100	38500	300000
12	B. Sc. (Optometry)	30	150000	6000	7000	1100	22000	300000
13	B. C. A.	60	60000	8000	7000	1000	22000	120000
14	B. Pharm	60	300000	20000	25000	2000	55000	600000
15	D. Pharm	60	250000	15000	15000	1650	55000	500000
16	Degree	60	75000	10000	10000	1000	75 % of the intake X Col 7	150000
17	Diploma	60	50000	7500	-	500		-
18	Certificate	60	25000	5000	-	250		-

1	2	3	4	5	6	7	8	9
II	**MEDICAL FACULTY**							
19	Medicine	100	500000	50000	140000	2200	110000	1000000
20	Homeopathic	100	150000	16000	70000	800	38500	300000
21	Dental	40	400000	35000	140000	2200	44000	800000
22	Physiotherapy	60	150000	15000	70000	1650	27500	300000
23	Diploma	30	100000	7500	-	1000	75 % of the intake X Col 7	-
24	Certificate	30	50000	5000	-	500		-
III	**ENGINEERING FACULTY**							
25	Engg/ Bio Informatics / Bio technology	60	250000 per br.	25000	35000	750	22000	500000
26	Architechture	30	250000	25000	35000	1100	22000	500000
IV	**EDUCATION FACULTY**							
27a	B. Ed. / B. P. Ed. (1 yr.)	100	75000	30000	-	850	44000	150000
27b	B. Ed. Visual Impairment	20	25000	10000	-	850	8500	50000
28	Degree (3 yrs.B.P.Ed)	100	75000	30000		850	44000	150000
29	Diploma	60	50000	7500	-	500	75 % of the intake X Col 7	-
30	Certificate	30	25000	5000	-	250		-
V	**LAW FACULTY**							
31	LLB	80	75000	10000	14000	500	22000	150000
32	Diploma	40	50000	7500	-	500	75 % of the intake X Col 7	-
33	Certificate	40	25000	5000	-	250		-

1	2	3	4	5	6	7	8	9
VI	**COMMERCE FACULTY**							
34	B. Com	100	45000	4000	7000	300	11000	90000
35	B. Com (Comp. Application)	60	60000	7000	28000	400	11000	120000
36	UG Diploma (1 Yr)	40	15000	10000	7000	300	11000	30000
37	BBA	60	75000	8000	14000	1000	22000	150000
38	Diploma	40	30000	2000	-	500	75%of the Intake x Col 7	-
39	Certificate	40	20000	1000	-	250		-
VII	**ARTS/RURAL FACULTY**							
40	Performing Arts	60	100000	6000	7000	1100	44000	200000
41	Fine Arts / Interior Design	60	150000	10000	7000	1650	55000	300000
42	B. A	100	30000	3000	7000	300	11000	60000
43	B. S. W/ BRS	60	60000	5000	24000	400	15000	120000
44	Diploma	40	30000	2000	-	500	75% of the Intake x Col 7	-
45	Certificate	40	20000	1000	-	250		-

Note:

(1) Per division total fee for Continuation/Extension of affiliation or both will be minimum of Rs. 10000/- or actual which ever is more.

(2) In an existing college, for each additional division in a continuing course/ Programme, the application fees per year shall be same as that prescribed for continue or Extension of affiliation.

(3) For the additional divisions in an exiting course the various fees for affiliation will be same as those for new affiliation.

Ordinance 66 (2) -(C) for Self Financed
Post Graduate Degree/ Diploma / Certificate and 5 Yrs Intigrated Courses

Sr. No	Course/ Programme	Student intake per Div./ Class	Application Fee			Annual Affiliation/ Recogni./ Approval Charge (per Stud.)	In case of change in Col. 3 Mini. Fee (Payable)	Appli. Fee for permanent Affiliation/ Recogn./ Approval
			For New Affi./ Reco/ Approval	For Contin. Affi/ Appro./ Recogni.	For Exten. Affiliation/ Approval/ Recogn.			
1	M B A	60	225000	**40000**	**40000**	4500		450000
2	M C A	60	150000	**40000**	**40000**	3000		300000
3	PG DIPLOMA	(as per Uni. Approvel)	60000	4000	10000	1200		120000
4	M. Sc. (Computer)	40	75000	10000	15000	1500		150000
5	M. Sc. (Environment)	20	75000	10000	15000	1500		150000
6	M. Physio/ M. Homeo M.Arch./ M.E/ **M.Pharm**	as per regulatory authority & uni approvel	225000	40000	30000	4500		450000
7	M.Sc. (Chemistry) or M.Sc. (ICT) or M.Sc. (Industrial Chem) **M.Sc. (Micro) or M.Sc. (Medical Technology)**	30 to 40	225000	30000	35000	4500		450000
8	M.Sc. (Bio informatics)	30	225000	40000	35000	4500		450000
9	MPT (Physiotherapy)	30	225000	30000	40000	4500		450000
10	M.Com.	60	100000	30000	30000	2000		200000
10(A)	**M.Com. Integrated**	**60**	**200000**	**40000**	**40000**	**2000**		**300000**
11	PG MEDICAL	as per regulatory authority & uni approvel	250000	40000	50000	5000	**75 % of the intake X Col 7**	500000
12	5 Yrs. Integrated M.Sc. (Bio-Tech)/ M.Sc. (IT)	60	225000	40000	35000	4500		450000
13	M Ed. / M P Ed.	as per regulatory authority & uni approvel	225000	20000	30000	4500		450000
14	MSW / MLW	as per uni approvel	150000	20000	15000	3000		300000
15	MHRD	as per uni approvel	200000	30000	20000	4000		400000
16	PG Medical Diploma	as per regulatory authority & uni approvel	100000	30000	30000	2000		200000
17	PG. Certificate Course	as per uni approvel	40000	2000	x	800		80000

O.66 (3):

Closure of Self-Finance Course & College

Any management running the self - finance courses of the college, once when it is started by the permission of the university, cannot be closed without doing the following procedure Neither its teaching and non - teaching staff, be relieved from their duties nor their salary too, be stopped. Nor even the study of the students too, be closed.

(1) In case, any management or college decides to close down a self-finance college or self-finance programme they shall have to apply in writing intimating such closure on or before 31st October of every year preceding the commencement of the successive academic year. On receipt of such application, the University shall appoint a committee to consider reasons for such closure or discontinuation.

(2) The application for closure of a self- finance colleges or course shall be made with non-refundable fee of Rs.1,00,000/-

(3) The University shall approve permanent closure of any self-finance college or discontinuance of any self-finance course only after the verification of reasons of such closer or discontinuance by the committee.

(4) No management shall close down any self-finance college or course in the middle of the academic year.

(5) Such management shall make necessary arrangement with other institutions, imparting same courses, to accommodate the students who may be affected by such closure or discontinuance. The accommodating institution shall have to submit a letter of consent to the University intimating its willingness to accommodate such students. Transfer of such students shall have to be facilitated by the sending and accepting institutions.

(6) The following rules shall apply for teachers including principal or in-charge principal affected by such closure or discontinuance.

  (1) The affected teacher shall be accommodated in the other courses run by same institution if he/she is eligible for the post.

  (2) In case he/She cannot be accommodated by the same management, he/She may be given priority in appointment by other colleges/institution affiliated with the Veer Narmad South Gujarat University. (The University shall make specific rules for such preferential absorption of teachers.)

  (3) The provident fund and any other amount due to the affected Teacher shall have to be paid immediately by the management before the University approves such closure or discontinuance.

  (4) A prior notice shall be given to such teacher who will be affected by such closure to enable him/her to seek teaching job else where.

  (5) The deposits of such institution shall not be returned until the University finally approves such closure of discontinuance.

(6) In case, the management fails to pay such affected teacher his/her any reasonable due, including provident fund, salary etc., the University shall pay such dues from the institution's deposits with the University; the remaining amount of deposit, after making such payment, shall be returned to the respective institution.

(7) These rules shall apply to all self-finance colleges and institution, affiliated to the V. N. S. G. University.

(8) The non-teaching staff of such colleges may be absorbed in other colleges of the same management or in any other college or institution affiliated to the university, if he/she is found suitable & eligible for the post.

(9) The Compensation, at the following rates, shall paid to all confirmed teachers;

(a) Six months' pay (including all allowance), and

(b) One months pay including all allowances for every Completed year of service to the teacher who has put in ten or less year of service and at the rate of one months pay including all allowances for every completed year of service in excess of ten years, provided that the total compensation so payable shall not exceed 15 months salary whichever is more.

(10) Nothing in this ordinance shall be deemed to take away any right of compensation or any other protection which is afforded by the Veer Narmad South Gujarat University Act or any Statute or Ordinance, Rules or Resolutions made there under, to which the member of the staff is entitled.

નોંધ: ઓર્ડીનન્સ – 66(2) (B) & (C) બાબતે:

(૧) કોલેજ/ ઈન્સ્ટીટયુટ ખાતે પ્રથમ વર્ષમાં જેટલા વિદ્યાર્થી એનરોલ/ રજીસ્ટ્રેશન થયાં હશે તે જ સંખ્યાને ધ્યાને લઈ એફીલીએશન ફી સંસ્થાએ દર વર્ષે તે વર્ગ માટે ભરવાની રહેશે. (જો ત્યારબાદ કોઈ વિદ્યાર્થી કોલેજ છોડી જાય તો તે વિદ્યાર્થી માટેની એફીલીયેશન ફી સંસ્થાએ બીજા વર્ષે ભરવાની રહેતી નથી. સંસ્થાએ તે છોડી ગયેલાં વિદ્યાર્થીઓ બાબતે યુનિવર્સિટી સમક્ષ યોગ્ય આધાર રજૂ કરવાના રહેશે.

(૨) પરમેનન્ટ એફીલીયેશન જો કોઈ સંસ્થા/ કોલજ મેળવે તો તે સંસ્થાએ તેનાં કોલમ – **7** માં દશાવેલી ફી એફીલીયેશન મેઈન્ટેનન્સ ચાર્જીસ સ્વરૂપે દરવર્ષે ભરવાની રહેશે જ.

(૩) જો કોઈ કારણસર સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થાય અને તે સંખ્યાને ધ્યાનમાં લઈ એફીલીયેશન ફી (કોલમ – **7** પ્રમાણે) ની રકમ જો કોલમ – **8** કરતાં ઓછી થાય તો સંસ્થાએ કોલમ – જ્ઞ માં દર્શાવેલી ઓછામાં ઓછી (મીનીમમ) ફી તે કિસ્સામાં ભરવાની રહેશે.

(૪) પરમેનેન્ટ એફીલીયેશન માંગેલ સંસ્થાને જો કોઈ કારણસર પરમેનેન્ટ એફીલીયેશન ન મળે અને સંસ્થા જો તેનાં પછીનાં વર્ષમાં પરમેનેન્ટ એફીલીયેશન માટે અરજી કરે તો સંસ્થાએ પરમેનેન્ટ એફીલીયેશન (કોલમ – **9**)માં દશાવેલ ફીની અડધી જ રકમ તે માટે ભરવાની રહેશે.

(૫) દર ત્રણ વર્ષે પરમેનેન્ટ એફીલીયેશન સ્ટેટસનું યુનિવર્સિટી દ્વારા ઈન્સ્પેકશન થશે અને જો સંસ્થા ધારાધોરણો અનુસાર તેને માટે યોગ્યતા ધરાવતી નહી હોય તો તેનું પરમેનેન્ટ એફીલીયેશનનું સ્ટેટસ ગુમાવશે અને ફરીથી પરમેનેન્ટ એફીલીયેશન ફી ભરીને તેણે તે મેળવવાનું રહેશે.

(૬) **V.N.S.G.U.** ના હકુમતના બહારની સંસ્થાઓએ દર્શાવેલ એફીલીયેશન ફી (કોલમ – **7**) કરતાં ૨૫% વધુ એફીલીયેશન ફી ચૂકવવાની રહેશે.

(૭) એફીલીયેશન ફી માટે વિદ્યાર્થીની સંખ્યા બાબતે સંસ્થા દ્વારા કોઈ ખોટી માહિતી આપવામાં આવશે તો તે માટે રૂા. ૧ લાખનો દંડ ભરવાનો રહેશે. એફીલીયેશન ફી અંગેના અર્થઘટનમાં કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ રહેશે.

(૮) કોલમ – **3**માં દર્શાવેલ સંખ્યા કરતાં વધુ સંખ્યા યુનિવર્સિટી દ્વારા વર્ગદીઠ માન્ય થાય તો (નવો વર્ગ નહી) તે વધારાની સંખ્યા માટે કોલમ – **7** અનુસાર વધારાની ફી ભરવાની રહેશે.

(૯) પ્રથમ વર્ષ બાદ જો બીજા કે ત્રીજા વર્ષ વિદ્યાર્થીની સંખ્યામાં વધારો થાય તો તે વધારાની સંખ્યા માટે સંસ્થાએ વધારાની એફીલીયેશન ફી (કોલમ – **7** પ્રમાણે) ભરવાની રહેશે.

(૧૦) જો એપેક્ષ બોડી / યુનિવર્સિટી / રાજ્ય સરકાર દ્વારા ડીવીઝન દીઠ વિદ્યાર્થીની સંખ્યા કોલમ – **3** કરતાં ઓછી હશે તો કોલમ – **7** તથા કોલમ – **8** ની ગણતરી પણ ડીવીઝનની સંખ્યાને ધ્યાનમાં લઈ પ્રોરેટા બેઝ પર કરવાની રહેશે.

(૧૧) ચાલુ જોડાણ ધરાવતી દરેક સંસ્થાએ જે તે એકેડેમીક વર્ષ માટે એફીલીયેશન ફી ભરનાર સંસ્થાએ રોજના રૂા. ૧૦૦૦/– લેખે દંડ સાથે એફીલીયેશન ફી ભરવાની રહેશે. ૩૦ મી ઓકટોબર સુધી એફીલીયેશન ફી ન ભરનાર સંસ્થાનું જોડાણ રદ થવાને પાત્ર છે. નવું જોડાણ મેળવતી સંસ્થાએ તેમની સંસ્થામાં વર્ગ શરૂ થયાના મોડામાં મોડા ૨૫ દિવસમાં એફીલીયેશન ફી ભરવાની રહેશે. ત્યારબાદ રોજના રૂા. ૧૦૦૦/–ના દંડ સાથે એફીલીયેશન ફી ભરવાની રહેશે. એફીલીયેશન ફી ન ભરનાર સંસ્થાનું જોડાણ રદ થવાને પાત્ર છે. આ સંદર્ભે કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

: કોલેજ મર્જર માટેની શરતો :

(૧) એક જ ફેકલ્ટીના વધુમાં વધુ ત્રણ અભ્યાસક્રમો વાળી કોલેજો મર્જરી કરી શકાશે.

(૨) બે ફેકલ્ટીની વધુમાં વધુ ત્રણ અભ્યાસક્રમો વાળી કોલેજો મર્જર કરી શકાશે.

(૩) ત્રણ ફેકલ્ટીની વધુમાં વધુ ત્રણ કોલેજો મર્જર કરી શકાશે એટલે કે દરેક ફેકલ્ટીની એક કોલેજ હોય તે મર્જર કરી શકાશે.

(૪) પ્રોફેશનલ કોર્પસ માટે દરેક અભ્યાસક્રમનો સ્વતંત્ર દરજજો (કોલેજ કે સંસ્થા) અલગજ ગણાશે.

(૫) મર્જર થયા પછી પણ યુનિવર્સિટીને આપવાની થતી એફીલીયેશન ફી દરેક અભ્યાસક્રમ દીઠ ભરવાની રહેશે.

(૬) મર્જર માટે બે અભ્યાસક્રમવાળી કોલેજના મર્જર માટે રૂા. ૧ લાખ અને ત્રણ અભ્યાસક્રમોવાળી કોલેજોના મર્જર માટે રૂા. ૨ લાખ યુનિવર્સિટીમાં મર્જરી ફી તરીકે ભરવાના રહેશે.

